# એન.એસ.એસ. ખાસ શિબિર અહેવાલ

# ૨૦૨૨ – ૨૩

# તારીખ – ૦૬/૦૨/૨૦૨૩ થી ૧૧/૦૨/૨૦૨૩

સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય – જુનાગઢ દ્વારા તારીખ ૦૬/૦૨/૨૦૨૩ થી ૧૧/૦૨/૨૦૨૩ ગાંઠીલા ખાતે ખાસ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૦૬/૦૨/૨૩ નાં રોજ આ ખાસ શિબિરનું ઉદ્ઘાટન દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં વૈદ્યા નીપા જારાસાણીયા, વૈદ્ય અલ્પેશ જારસાણીયા, વૈદ્ય પવન શર્મા, વૈદ્ય ભરત મુંગ્રા, વૈદ્ય અતુલ સતાસિયા , વૈદ્ય કૃપા પટેલ, વૈદ્ય ભારવી ત્રિવેદી વૈદ્ય જીગ્નેશ ચૌહાણ તથા પ્રોગ્રામ ઓફિસર રાહુલ બોરીસાગર ઉપસ્થિત રહ્યાં હતા. સપ્ત દિવસીય ખાસ શિબિર નું આયોજન તથા કાર્ય યોજના રજુ કરવામાં આવી હતી તેમજ વૈદ્યા નીપા જારાસાણીયા દ્વારા એન.એસ. એસ. સ્વયંસેવકો ને વાચિક પાથેય આપવામાં આવ્યું હતું.

એન,એસ.એસ. ખાસ શિબિર અંતર્ગત મહાવિદ્યાલય નાં છાત્રો તથા છાત્રાઓ દ્વારા ગાંઠીલા ખાતે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી તથા આ પ્રવૃત્તિઓ માં ગ્રામજનોનો પણ સારો સહકાર પ્રાપ્ત થયો હતો.

દૈનંદિન પ્રવૃત્તિઓમાં પ્રભાત ફેરી થતી હતી જેમાં આરોગ્યસૂત્રો, પ્રભાતિયા તેમજ જનજાગૃતિ વિષયક સૂત્રોચ્ચાર સંપૂર્ણ ગામમાં કરવામાં આવ્યો હતો. પ્રભાત ફેરી બાદ યોગ વ્યાયામ અને ધ્યાન જેવી પ્રવૃત્તિઓ પ્રતિદિન પ્રાતઃકાળમાં કરવામાં આવતી હતી. સાયંકાળ દરમ્યાન આધ્યાત્મિક પ્રવૃત્તિ અંતર્ગત ગાંઠીલા સ્થિત પ્રસિદ્ધ ઉમા મંદિરે વિવિધ સ્તોત્ર પઠન છાત્રો દ્વારા કરવામાં આવતું હતું

દિનાંક ૦૭/૦૨/૨૦૨૩ નાં ગાંઠીલા ગામની સંપૂર્ણ સ્વચ્છતા એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી દિનાંક ૦૮/૦૨/૨૦૨૩ નાં રોજ આયુષ હેલ્થ કાર્ડ સર્વે ગાંઠીલા તેમજ બાજુનાં ધનકુલીયા ગામે કરવામાં આવ્યો હતો. દિનાંક

૦૯/૦૨/૨૦૨૩ નાં રોજ નાના બાળકો માટે સુવર્ણપ્રાશનનું આયોજન ગાંઠીલા આંગણવાડી તથા ધનકુલિયા આંગણવાડી ખાતે રાખવામાં આવ્યું હતું, એ જ દિવસે સાંજે ગામના લોકો ને સાથે રાખીને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શેરી નાટકો, નૃત્યો વગેરેના માધ્યમથી જનજાગૃતિ કરવામાં આવી હતી. દિનાંક ૧૦/૦૨/૨૦૨૩ નાં રોજ સર્વરોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ – જુનાગઢ ખાતેથી વૈદ્ય પવન શર્મા, વૈદ્ય નીલેશ ભાદરકા, વૈદ્ય અભિન અગ્રવાલ તથા વૈદ્ય જીજ્ઞેશ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતાં ગાંઠીલા તથા ધનકુલિયા ગામમાં આ કેમ્પ નો સ્વયંસેવકો દ્વારા સારો એવો પ્રચાર – પ્રસાર કરવામાં આવ્યો હતો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો એ આ સારવાર અને નિદાન કેમ્પ નો લાભ પ્રાપ્ત કર્યો હતો. અન્ય પ્રવૃત્તિઓ માં જટાશંકર ખાતે સ્વચ્છતાં અભિયાન કરવામાં આવ્યું હતું. દિનાંક ૧૩/૦૨/૨૦૨૩ નાં રોજ સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય – જુનાગઢનાં સેમીનાર હોલ ખાતે ખાસ શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું જેમાં કચેરીનાં વડા વૈદ્ય પ્રો. સિદ્ધેશ પંડ્યા સર તેમજ પ્રોગ્રામ ઓફિસરની ઉપસ્થિતમાં એન,એસ.એસ. સ્વયંસેવકો દ્વારા પોતાના અનુભવ કથન, ગ્રામ્ય સમસ્યાઓ તેમનાં નિરાકરણ વગેરે ની ચર્ચા કરી હતી અને આચાર્યશ્રી એ એન,એસ.એસ. સ્વયંસેવકોને પ્રેરકપાથેય તેમજ પોતાના ભૂતકાળનાં અનુભવો જણાવ્યા હતાં.